પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષઃ૨૪, અંકઃ૧૨૪, કુલ પાનાઃ૪, તારીખઃ ૧૮-૦૧-૨૦૨૧ સોમવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 124 PRICE :-RS. 1.50 DATE : 18-01-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)


Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## રાજસ્થાનમાં બસમાં કરંટ લાગતા ૬ લોકો થયા બળીને ખાખ, ૧૬ દાઝ્યા

જાલોર,

રાજસ્થાનના જાલોર જિલ્લાના મહેશપુરા ગામમાં મોડી રાત્રે ભયાનક દુર્ઘટના બની છે. અહીં પેસેન્જર ભરેલી એક બસ ૧૧ કેવી (૧૧ હજાર વોલ્ટ)ના હાઈટેન્શન લાઈનની ઝપટમાં આવી જતા આ ગોઝારી ઘટના બની. બસમાં કરંટ આવવાથી બસમાં સવાર પેસેન્જરમાંથી કેટલાંય લોકોના મોત થયા. ઘટનાની માહિતી મળતા જ પોલીસ પ્રશાસનની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી. અકસ્માતમાં અત્યાર સુધીમાં ૬ લોકોના મોતની પુષ્ટિ થઈ છે, જ્યારે ૧૬થી વધુ લોકો દાઝ્યા છે. તમામને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. આ



તમામ જૈન સમાજના શ્રદ્ધાળુ છે, જેઓ બસમાં સવાર થઈને જૈન મંદિરના દર્શન કરીને પરત આવી રહ્યા હતા. મળતી માહિતી પ્રમાણે રાજસ્થાનના જાલોર જિલ્લાના મહેશપુર ગામમાં ભીષણ અકસ્માત થયો. પેસેન્જર્સ ભરેલી બે બસો રસ્તો ભટકી ગઈ અને એક ગામમાં પહોંચી ગઈ. ત્યાં રસ્તામાં વીજળીના તાર ઝૂલતા જોઈ ડ્રાઈવરે બસ રોકી દીધી.

બસના કંડકટર કે ખલાસી બસની છત પર ચઢ્યા અને એક ડંડાની મદદથી વીજળીના તરને ઉપર કરીને બસને નીકાળવાની કોશિષ કરી રહ્યા હતા. બસમાં સવાર મુસાફરોએ જણાવ્યું કે તેઓ નાકોડા પછી માંડોલીમાં દર્શન





કરવા ગયા હતા. શનિવારે મોડી સાંજે તમામ જાલોર શહેર પહોંચી ગયા હતા. અહીં ભોજન કર્યા પછી તેમને બ્યાવર જવાનું હતું. ગૂગલ મેપથી બ્યાવરનો માર્ગ જોઈને બસ આગળ વધી રહી હતી. ભૂલથી બસ મહેશપુરા ગામમાં પહોંચી. બસ ગામની સાંકડી ગલીમાં પહોંચી ગઈ અને ત્યાં ૧૧ કેવીની લાઈન ખૂબ નીચે હતી. બસનો કંડકટર તાર જોવા માટે ઉપર ચઢ્યો. કંડકટર ૧૧ કેવીની લાઈન હટાવવા લાગ્યો અને કરંટ આખી બસમાં ફેલાઈ ગયો, જેનાથી આગ લાગી. બેમાંથી એક બસ આગમાં સળગી ગઈ. દુર્ઘટના ઝાલોર જિલ્લાથી ૭ કિમી દૂર મહેશપુરા ગામમાં શનિવારે રાતે ૧૦.૪૫ વાગ્યે બની.

બસમાં સવાર તમામ શ્રદ્ધાળુ અજમેર અને બ્યાવરના છે. તેઓ બે બસોમાં સવાર થઈને શુક્રવારના રાત બ્યાવરથી રવાના થયા હતા. તમામ ઝાલોરના માંડોલીમાં જૈન મંદિરના દર્શન કરવા પહોંચ્યા હતા. દર્શન પછી તેઓ બ્યાવર પરત આવતી વખતે રસ્તો ભૂલીને મહેશપુરા ગામે પહોંચી ગયા હતા. મહેશપુરાની સાંકડી ગલીઓમાંથી પસાર થતી વખતે ૧૧ કેવી લાઈનની ઝપટમાં બસ આવી ગઈ અને કરંટ ફેલાઈ જતા આખી બસમાં આગ લાગી ગઈ. બસમાં સવાર મુસાફરોએ જણાવ્યું કે તેઓ નાકોડા પછી માંડોલીમાં દર્શન કરવા ગયા હતા. શનિવારે મોડી સાંજે તમામ ઝાલોર શહેર પહોંચી ગયા હતા. અહીં

### મૃતકોની યાદી, ડ્રાઈવર-કંડકટર અને ૩ મહિલાઓ

૧. શ્રીમતી સોનલ જૈન પત્ની અનિલ જૈન, ઉંમર ૪૪ વર્ષ, શાહપૂરા, બ્યાવર અજમેર.
૨. શ્રીમતી સુરભી પત્ની અંકિત જૈન, ઉંમર ૨૫ વર્ષ, બ્યાવર અજમેર.
૩. શ્રીમતી ચાંદ દેવી પત્ની ગજરાજ સિંહ, ઉંમર ૬૫ વર્ષ, બ્યાવર.
૪. શ્રી રાજેન્દ્ર જૈન , ઉંમર ૫૮ વર્ષ અજમેર.
૫. બસ ડ્રાઈવર- ધર્મચંદ્ર જૈન, પ્રજાપતિ ટ્રાવેલ્સ.
૬. ખલાસી.

આ ઉપરાંત જયપુરના પ્રિયંકા, અજમેરના નિશા જૈન, બ્યાવરના શંકુતલા, અનૌસી (૧૦), ભીલવાડાના શિલ્પા બાફના (૩૬), બ્યાવરની સુનીતા (૪૫), જયપુરના સીમા જૈન, રિતિકા (૧૬) અને શિલ્પા ઘાયલ છે.

ભોજન કર્યા પછી તેમને બ્યાવર જવાનું હતું. ગૂગલ મેપથી બ્યાવરનો માર્ગ જોઈને બસ આગળ વધી રહી હતી. ભૂલથી બસ મહેશપુરા ગામમાં પહોંચી. બસ ગામની સાંકડી ગલીમાં પહોંચી ગઈ અને ત્યાં ૧૧ કેવીની લાઈન ખૂબ નીચે હતી. બસનો કન્ડક્ટર તાર જોવા માટે ઉપર ચઢ્યો. કન્ડક્ટર ૧૧ કેવીની લાઈન હટાવવા લાગ્યો અને કરંટ આખી બસમાં ફેલાઈ ગયો, જેનાથી આગ લાગી.

## સ્ટેચ્યૂ ઓફ યુનિટીને દેશ સાથે જોડતી ૮ ટ્રેનને પીએમ મોદીએ રવાના કરી

અમદાવાદ,

પીએમ મોદી આજે કેવડિયાને દેશના વિવિધ પ્રદેશોથી જોડતી ૮ ટ્રેનોને વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા રવાના કરી છે. આ ટ્રેનો સ્ટેચ્યૂ ઓફ યુનિટીને સીમલેસ કનેક્ટિવિટી પ્રદાન કરી છે. આ ઉપરાંત દેશના પહેલા ગ્રીન બિલ્ડીંગ રેલવે સ્ટેશનનું વર્ચ્યુઅલ લોકાર્પણ કર્યું છે. વડાપ્રધાન સમારોહ દરમિયાન ગુજરાતમાં રેલવે સંબંધિત અન્ય અનેક પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન પણ કર્યું છે.





આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી હાજર રહ્યા છે અને કેન્દ્રીય રેલવે પ્રધાન વર્ચ્યુઅલ દિલ્હીથી રીતે ઉપસ્થિત રહ્યા છે. પ્રધાનમંત્રીના હસ્તે દિલ્હીથી વર્ચ્યુઅલના માધ્યમથી આજે કેવડિયા રેલવે સ્ટેશનના લોકાર્પણ અને નવી રેલવે સેવાઓના પ્રારંભ કરાવ્યો. જેમની સાથે રેલ મંત્રી પિયુષ ગોયેલ પણ વર્ચ્યુઅલ રીતે દિલ્હી રેલ ભવનથી કાર્યક્રમમાં હાજર રહ્યા છે. આજે કેવડિયા ખાતે દેશનું પ્રથમ ઈકો ફ્રેન્ડલી રેલવે સ્ટેશનનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું છે.

પીએમ મોદીએ કહ્યું,

(અનુ.પાના.નં.૨)

## મધ્યપ્રદેશમાં ૧૩ વર્ષની બાળકી ૧૨ લોકો દ્વારા ગેન્ગરેપ, ૧૧ની ધરપકડ

ભોપાલ,

મધ્ય પ્રદેશના ઉમરિયા જિલ્લામાં એક સગીર બાળકી સાથે ૧૨ લોકો દ્વારા ગેન્ગરેપ કરવામાં આવ્યો છે. જાણકારી અનુસાર, ૧૩ વર્ષની આ માસૂમને બે આરોપી પહેલા બજારમાંથી ફોસલાવીને પોતાની સાથે લઈ ગયા હતા. પછી ઉમરિયામાં એક ઢાબામાં તેની સાથે



૭ લોકોએ સામુહિક દુષ્કર્મ કર્યુ હતું. તે બાદ પણ તેમની હેવાનિયત રોકાઈ નહતી અને બાળકીને બીજા યુવકોને સોપી દેધી હતી. બીજી ઘટનામાં પાંચ યુવક આરોપી છે. ઉમરિયાના એસપી વિકાસ સહવાલ અનુસાર, “બાળકી સાથે બે જગ્યાએ સામુહિક દુષ્કર્મ કરવામાં આવ્યો છે. એક ઘટનામાં ૭ આરોપીમાંથી ૬ની ધરપકડ કરવામાં આવી છે જ્યારે એક ફરાર છે.

(અનુ.પાના.નં.૨)

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



ગાંધીનગર અને સુરતને મળ્યું મેટ્રોનું વરદાન
ગુજરાતની વધી આન બાન અને શાન



શ્રી નરેન્દ્રભાઈ મોદી
વડાપ્રધાનશ્રી, ભારત

શ્રી વિજયભાઈ રૂપાણી
મુખ્યમંત્રીશ્રી, ગુજરાત



અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ-૨ ના નિર્માણ કાર્યનો શુભારંભ
તથા
સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટનો શિલાન્યાસ અને નિર્માણ કાર્યનો શુભારંભ

વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી
શ્રી નરેન્દ્રભાઈ મોદી
વડાપ્રધાનશ્રીના વરદ્ હસ્તે

| મેટ્રો રેલ પ્રોજેક્ટ | રુટ | ટોટલ (કિ.મી.) | સ્ટેશનની સંખ્યા | અંદાજિત પ્રોજેક્ટ ખર્ચ |
|---|---|---|---|---|
| અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ-૨ | મોટેરા સ્ટેડીયમથી મહાત્મા મંદિર / જીએનએલયુ - ગિફ્ટ સિટી | ૨૮.૨૬ | ૨૨ | ૫,૩૮૪ કરોડ |
| સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટ | સરથાણા - ડ્રીમ સિટી / ભેસણ - સરોલી | ૪૦.૩૫ | ૩૮ | ૧૨,૦૨૦ કરોડ |

કાર્યક્રમનું લાઈવ પ્રસારણ જુઓ
@CMOGuj | @GMRC GNR

A Joint Venture of Govt. of India and Govt. of Gujarat
GUJARAT METRO RAIL CORPORATION (GMRC) LIMITED
આપણી મેટ્રો

સોમવાર, ૧૮ જાન્યુઆરી, ૨૦૨૧ | સવારે ૦૯.૪૫ વાગે | સ્થળઃ મહાત્મા મંદિર, ગાંધીનગર ● ડાયમંડ બુર્સ, ડ્રીમ સિટી, સુરત

“શહેરી વિસ્તારોમાં ઝડપી પરિવહનની સુવિધા મળે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે.” - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રીશ્રી, ગુજરાત

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લામાં લુણાવાડા અને સંતરામપુર ખાતેથી કોરોના રસીકરણનો શુભારંભ


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

લુણાવાડા,
મહીસાગર જિલ્લા મથક લુણાવાડા અર્બન હેલ્થ સેન્ટર ખાતેથી કોરોના રસીકરણ કાર્યક્રમનો શુભારંભ કરાવતા ધારાસભ્ય જીગ્નેશભાઇ સેવકે જણાવ્યું હતું કે આ કાર્યક્રમથી દેશના નાગરિકોને કોરોના સામે લડવાનો સધિયારો મળ્યો છે. ધારાસભ્ય એ કોરોના સામેના યુદ્ધમાં જીવનને હોડમાં મૂકી કોરોના દર્દીઓની સારવારમાં પોતાનું સર્વસ્વ અર્પણ કરનાર આરોગ્ય કર્મીઓની સેવા ભાવનાને બિરદાવી ઉત્તમ સેવાની પ્રેરણા પૂરી પાડવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

મહીસાગર જિલ્લામાં સંતરામપુર સ્ટેટ હોસ્પિટલ ખાતેથી કોરોના રસીકરણનો શુભારંભ કરાવતા ધારાસભ્ય કુબેરભાઇ ડીંડોરે કોરોના સંક્રમણને અટકાવવા માટે રાજ્ય સરકાર તમામ પ્રયત્નો કરવા કટિબદ્ધ હોવાની ખાતરી ઉચ્ચારી હતી. કોરોનાના કસોટી કાળમાં સમગ્ર વિશ્વને ભારતીય સંસ્કૃતિના ઉદાત્ત મૂલ્યોના દર્શન કરાવવા બદલ ધારાસભ્ય ડીંડોરે તમામ કોરોના વોરિયર્સ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી અને પ્રાથમિકતા ક્રમ ધરાવતા તમામ કોરોના વોરિયર્સને રસીના બે ડોઝ અચૂકપણે લેવા અનુરોધ કર્યો હતો.ભારતની વેકિસનની સમગ્ર વિશ્વમાં વિશ્વસનિયતા ખૂબ વધારે છે. જેનો સકસેસ રેટ ૯૭ ટકા જેટલો છે. આ વેકિસનની કોઇ આડઅસર નથી જેથી વેકિસન લેવા બાબતે કોઇએ ગભરાવાની કે ડરવાની જરર ન હોવાનું કહ્યું હતું.

જિલ્લામાં લુણાવાડા અને સંતરામપુર બે રસીકરણ કેન્દ્રો ખાતે કોરોના રસીકરણ કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. દિવસ દરમ્યાન બે કેન્દ્રોમાં મળી કુલ ૨૦૦ કોરોના યોદ્ધાઓએ રસીકરણનો ડોઝ ગ્રહણ કરશે. સંતરામપુર સ્ટેટ હોસ્પિટલ ખાતે યોજાયેલા રસીકરણના પ્રારંભે તાલુકા આરોગ્ય અધિકારી ડો.નરેન્દ્રગીરી ગોસાઇ અને લુણાવાડા અર્બન હેલ્થ સેન્ટર ખાતે ખાનગી હોસ્પિટલના તબીબ ડો. દિલીપ સંઘવીએ કોરોના રસીકરણનો સૌપ્રથમ ડોઝ ગ્રહણ કરીને કોરોના સામેની લડાઇનું મહીસાગર જિલ્લા ખાતેનું સૌપ્રથમ કવચ ગ્રહણ કર્યું હતું. કોરોના રસીકરણના પ્રારંભે કોરોના વેકિસનનું કવચ ગ્રહણ કરતાં ડો.નરેન્દ્રગીરી ગોસાઇ અને ડો. દિલીપ સંઘવી કે તેઓએ કહ્યું હતું કે, અમારાથી વધારે વેકિસન માટે કોણ સમજી શકવાનું હતું. અમને રસી લીધા પછી કોઇ તકલીફ નથી થઇ. ખૂબ જ સરળતાથી લીધી છે. આ કોવિડ વેકિસન એ બીજી વેકિસનની જેમ જ છે. કોરોના વેકિસન લેવાથી કોરોના સામે એટેકીંગ પાવરનું કામ કરશે જે કોરોના વાયરસને નબળો પાડવાનું કામ કરશે. નાગરિકોએ પણ આ રસી લેતા ખચકાવું ન જોઇએ. કોરોના રસી બીજી રસી જેવી છે તે કેટલા ટકા છે તેમા ન પડતાં કોરોના રસીથી ડરવાની જરર નથી. પરંતુ આ રસી લઇને પોતાની જાતને સુરક્ષિત કરવી જોઇએ.

પ્રારંભમાં લુણાવાડા ખાતે ધારાસભ્ય જીગ્નેશ સેવક, જિલ્લા કલેકટર આર.બી.બારડ, જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી એસ.બી.શાહ, લુણાવાડા પાલીકા પ્રમુખ મતી બ્રિન્દાબેન શુક્લ તેમજ સંતરામપુર ખાતે ધારાસભ્ય કુબેરભાઇ ડિંડોર, જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી, નાયબ જલ્લા વિકાસ અધિકારી ચંદ્રિકાબેન ભાભોર, અધિક જિલ્લા આરોગ્ય અધિકારી બિરેન્દ્રસિંહ, અગ્રણી દશરથભાઇ બારીયા સહિત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટયથી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. રસીકરણના શુભારંભ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ઉત્સાહવર્ધક પ્રવચનમાં ઉપસ્થિત સૌ સામેલ થયા હતા. રાજ્યની કોરોના સ્થિતિનો ચિતાર રજુ કરતી ટૂંકી ડોક્યુમેન્ટરીનું આ પ્રસંગે પ્રસારણ કરાયું હતું.

અત્રે ઉલેખનીય છે કે, રાજ્યભરમાં રસીકરણ માટે કુલ ૨૭ હજારથી વધુ રસીકરણ બુથ તૈયાર કરવામાં આવ્યા છે જેમાં ૪.૪૦ લાખ હેલ્થ વર્કર્સને તાલીમબદ્ધ વેક્સિનેટર દ્વારા રસી આપવામાં આવશે. રાજ્યમાં કુલ ૨૨૩૬ કોલ્ડ ચેઇન પોઇન્ટની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે અને કોવિડને અનુરપ વ્યવહાર સાથે એક સેશન સાઇટ પર સો લાભાર્થીઓને રસીકરણ આપવામાં આવશે. એક વેકસીનેટર અને અન્ય ચાર વેકિસનેશન અધિકારીઓ લાભાર્થીઓની સેવામાં ઉપલબ્ધ રહેશે. આ કાર્યક્રમમાં રસી લેનાર આરોગ્ય વિભાગના લાભાર્થીઓ, ખાનગી ડોક્ટર્સ તથા અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ૩૦મી જાન્યુઆરીના રોજ સમગ્ર દેશમાં શહીદોની યાદમાં બે મિનિટનું પળાશે મૌન

લુણાવાડા,
ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પોતાના પ્રાણનું બલિદાન આપ્યું છે તેવા શહીદોની સ્મૃતિમાં ૩૦મી જાન્યુઆરી, ૨૦૨૧ને શનિવારના રોજ શહીદ દિને સવારે ૧૧.૦૦ કલાકે બે મિનિટ મૌન પાળી સ્વદેશ માટે પ્રાણની આહુતિ આપનારા શહીદવીરોને માન અર્પણ કરાશે. સમગ્ર દેશમાં શક્ય હોય તેટલા પ્રમાણમાં કામકાજની અને વાહનવ્યવહારની ગતિને આ બે મિનિટ સુધી બંધ રાખવા ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જણાવાયું છે. ગુરવાર તા. ૩૦મી જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ સવારે ૧૦.૫૯ થી ૧૧.૦૦ કલાક સુધી સાયરન વગાડાશે. સાયરન બંધ થાય કે તુરત જ જયાં કાર્ય કરતા હોય તેવા બધા જ સ્થળોએ કામ કરનાર સૌ પોતપોતાની જગ્યાએ શાંત ઉભા રહી મૌન પાળે, જયાં શકય હોય ત્યાં વર્કશોપ, કારખાના અને કચેરીઓનું કામકાજ બંધ રાખવામાં આવે. આકાશવાણી બે મિનિટ પોતાના કાર્યક્રમ બંધ રાખે અને રસ્તાઓ પરના વાહનવ્યવહાર શકય હોય ત્યાં સુધી થોભે તે જોવા વિનંતી કરવામાં આવી છે. સાથે સાથે ૧૧.૦૦ વાગે ઉપડતી ટ્રેનો અને વિમાનોને તેમના મથકે બે મિનિટ માટે થોભે તે માટે જોવા પણ વિનંતી કરાઇ છે. મૌનનો સમય પૂરો થયો છે એમ બતાવવા બરાબર ૧૧.૦૨ થી ૧૧.૦૩ કલાક સુધી સાયરન ફરીથી વાગશે ત્યારે રાબેતા મુજબનું કામકાજ ફરીથી શર કરવું. જે સ્થળોએ સાયરન અથવા અન્ય કોઇ સંકેતની વ્યવસ્થા નથી ત્યાં સવારે ૧૧.૦૦ કલાકે બે મિનિટ મૌન પાળવા માટે સંબંધિતોને જાણ કરતા આદેશો તમામ સંબંધિત કચેરીઓએ બહાર પાડવાના રહેશે. શહીદવીરો પ્રત્યે ઋણ અદા કરી મૌન પાળવાના આ અવસરને ગૌરવશાળી બનાવવામાં સહયોગ આપવા સૌને અપીલ કરવામાં આવી છે.

મહીસાગર જિલ્લામાં આજે રાહતના સમાચાર

# જિલ્લામાં એક પણ પોઝિટિવ કેસ નોંધાયો નથી : જિલ્લામાં કોરોનાના કુલ ૧૯૮૧ પોઝીટીવ કેસ

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. આજે જિલ્લા માટે રાહતના સમાચાર આવ્યા છે. આજે જિલ્લામાં એક પણ કેસ પોઝીટીવ નોંધાવા પામ્યો નથી.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૭-૦૧-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૧૯૮૧ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઇ રહેલ દર્દીઓ પૈકી લુણાવાડા તાલુકાના ૦૧ પુરૂષ કોરોનાને મ્હાત આપી સ્વાસ્થ થતાં રજા આપવામાં આવતાં સ્વ-ગૃહે ફરત ફર્યા છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૯૧૯ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૪ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/કોરોનાના કુલ ૧૧૫૯૨૮ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૨૧૮ વ્યક્તિઓને હોમ કવોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનુ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૪ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૧૧ દર્દી હોમ આઇસોલેશન અને ૦૩ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૬ દર્દીઓ સ્ટેબલ અને ૦૨ દર્દીઓ ઓકિસજન પર છે.

## શહેરા માર્કેટીંગયાર્ડ ચેરમેન અને વાઈસ ચેરમેન બિનહરીફ ચુંટાયા


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
શહેરા માર્કેટીંગ યાર્ડ ખાતે ભાજપનો કેસરીયો લહેરાયો હતો.એપી.એમ.સીના ચેરમેન અને વાઈસ ચેરમેનની બિનહરીફ વરણી કરાઈ હતી.ભાજપ અગ્રણી અને કાર્યકરો મા ખુશીની લહેર છવાઈ ગઈ હતી.

શહેરા માર્કેટીંગ યાર્ડ ખાતે ભાજપ નો કેસરીયો લહેરાયો હતો. માર્કેટીંગ યાર્ડ ખાતે ચેરમેન અને વાઈસ ચેરમેનના પદની ચુંટણી માટે સભાખંડમાં ૧૦ વાગ્યાના સમયે ચૂંટણી અધિકારી અને જિલ્લા રજીસ્ટ્રાર્ડ બી.બી.ભાભોરની અદયક્ષતામાં નવા ચૂંટાયેલા ડિરેક્ટર્સની બેઠક શર થઈ હતી. જેમાં એપી.એમ.સીના ચેરમેન તરીકે રંગીતસિંહ બામણીયા અને વાઈસ ચેરમેન પદે જશુભાઈ પટેલની સર્વાનુમતે બિન હરીફ વરણી કરાઈ હતી. ખેડૂત અને વેપારી વિભાગમાંથી ચૂંટાયેલ બન્ને પ્રતિનિધીઓએ શહેરા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ચેરમેન અને વાઈસ ચેરમેન પદ સૌ પ્રથમવાર હાંસલ કર્યું હતું. જેથી તેઓના ટેકેદારો સમર્થકો અને ભાજપના કાર્યકરોમાં આનંદની લાગણી પ્રસરી હતી. તમામ ડિરેકટરોએ ચેરમેન અને વાઈસ ચેરમેનને ફૂલહાર પહેરાવી મીઠાઈ ખવડાવી આવકાર્યા હતા. આ વખતે પણ ભાજપ એ પોતાનુ શાસન જાણવી રાખ્યુ હતું.

## રાષ્ટ્રીય માર્ગ સલામતિ સપ્તાહની ઉજવણી ૧૮ જાન્યુઆરી થી ૧૭ ફેબ્રુઆરી દરમ્યાન ચાલશે

લુણાવાડા,
ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવે તેમજ રોડ સેફટી વિભાગના ઉપક્રમે પ્રતિવર્ષ યોજાતી રાષ્ટ્રીય માર્ગ સલામતિ સપ્તાહની ઉજવણી આ વર્ષથી એક માસ સુધી ચાલશે. 'સડક સુરક્ષા, જીવન રક્ષા' ના થીમ સાથે આયોજિત રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ - ૨૦૨૧ માં વિવિધ વિભાગો જોડાઈ માર્ગ અકસ્માત નિવારણ અર્થે વિવિધ જનજાગૃતિના અભિયાનો હાથ ધરાશે.


આગામી તા. ૧૮ જાન્યુઆરી થી ૧૭ ફેબ્રુઆરી દરમ્યાન આયોજિત રાષ્ટ્રીય માર્ગ સલામતી માસની ઉજવણીની શરઆતના પ્રથમ દિવસે રોડ સેફટી, સ્વચ્છતા, કોરોના વોરિયર્સ સન્માન, બ્લેક સ્પોટ વેરિફિકેશન સહિતના કાર્યક્રમો હાથ ધરાશે. તા. ૨૦ થી ૨૫ દરમિયાન સંબંધિત વિસ્તારના સંસદસભ્યઓ તેમજ ધારાસભ્યઓ દ્વારા ટુ વ્હીલર સાથે મહિલાઓ દ્વારા રેલીનું આયોજન/મેરેથોન દોડનું આયોજન તેમજ ટ્રાફિક પોલીસ અને ડોક્ટર, કોરોના વાયરસ દ્વારા રોડ સેફટી કેમ્પેઇન હાથ ધરાશે. તા. ૨૭થી ૨ ફેબ્રુઆરી સુધી નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા રોડ સેફટી વિષયક પ્રવૃત્તિઓ અને સેમિનાર, ડ્રાઈવરો માટે મેડીકલ કેમ્પ અને આંખની તપાસણીનો કેમ્પ, તા. ૫ ફેબ્રુઆરીના રોજ ટેક્સી અને રિક્ષા ડ્રાઈવર માટે મેડીકલ કેમ્પ અને આંખની તપાસણીનો કાર્યક્રમ, તા. ૯ થી ૧૦ દરમિયાન નવા મોટર વ્હિઇકલ એક્ટ અંતર્ગત કાર્યક્રમ હાથ ધરાશે, તા. ૧૧ તેમજ ૧૨ ફેબ્રુઆરીના રોજ મહિલાઓ અને પબ્લિક ટ્રાન્સપોર્ટ અંગે રોસ સેફટી સંબંધિત સેમિનાર, ડિસેબલ વ્યક્તિઓ અંગે સેમિનાર, તા. ૧૩ થી ૧૪ દરમ્યાન મોટર વાહનના ઈન્સ્યોરન્સ અને રોડ સેફટી બાબતે વર્કશોપ બાબતે તેમજ તા. ૧૫ થી ૧૭ ફેબ્રુઆરી દરમિયાન રોડ સેફટી વિષયક પ્રવૃતિઓનું આયોજન તેમજ તા. ૧૭ ફેબ્રુઆરી ના રોજ રોડ સેફટી વિષયક કામગીરી હાથ ધરાશે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૧૮-૦૧-૨૦૨૧, સોમવાર, પોષ સુદ-૫, સૂર્યોદય-૭-૩૦, સૂર્યાસ્ત-૬-૨૦, જૈન નવકારશી-૮-૧૮, આજની રાશિ : મકર (ખ.જ.), નક્ષત્રઃ શ્રવણ

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૧૨-૩૪થી અભિજીત-૧૩-૧૮ સુધી, ૭-૩૦થી શુભ-૮-૫૨ સુધી, ૧૧-૩૫ થી ચલ-લાભ-અમૃત-૧૫-૩૯ સુધી, ૧૭-૦૧થી શુભ-અમૃત-ચલ-૨૧-૩૯ સુધી<br><br>- શુભ હોરા-<br>૭-૩૦થી ૮-૨૪ સુધી, ૧૦-૧૩થી ૧૨-૫૬ સુધી, ૧૩-૫૦થી ૧૪-૪૫ સુધી, ૨૬-૩૩ થી ૧૯-૨૮ સુધી |


# સંતરામપુરમાં ડોકટરને મારવાના બનાવમાં ૧ PI ની બદલી : ૯ કોન્સ્ટેબલ સસ્પેન્ડ



સંતરામપુર,
સંતરામપુરમાં માટીના ઢંગલાના મુદ્દે ડોકટર અને સંતરામપુર પોલીસ વચ્ચે બોલાચાલી બાદ પોલીસે ડોકટરને મારમારતા અને ઘરના દરવાજા પર ડંડા મારતો વિડિયો સોસિયલ મીડીયા પર વાયરસ થયો હતો. મહિસાગર પોલીસવડાએ ૧૦ પોલીસ કર્મીઓ પર કાર્યવાહી કરતાં મહિસાગર પોલીસ બેડામાં ચકચાર મચી જવા પામ્યો હતો. સંતરામપુર નગરમાં સુરેખા હોસ્પિટલની બાજુ ખાડો કરવામાં આવ્યો હતો. આ ખાડાને લીધે સંતરામપુરના પીઆઇ અને ટ્રાફિક જમાદાર તથા પોલીસ સ્ટાફ મળીને હોસ્પિટલ પાસે પહોચ્યા હતા. અને ખાડાને લઈને પોલીસ અને ડોક્ટર વચ્ચે બોલાચાલી તથા ડંડા વાળી થઈ હતી. જે બનાવનો સીસીટીવી કુટેજનો વિડીયો સોસિયલ મીડીયામાં વાયરલ થયા હતા.

જેમાં વાયરલ વિડીયોમાં પોલીસ ઘરના દરવાજા પર લાતો મારતાં અને ડોકટરને ડંડો મારતાં ડોકટર ભાગતા દેખાયા હતા. પોલીસના દંડાના મારથી ડોકટરને ઈજાઓ થઈ હતી. બનાવને લઈને મહીસાગર ડીવાયએસપી સંતરામપુર પોલીસ સ્ટેશનને દોડી આવ્યા હતા. અને સુરેખા હોસ્પિટલની મુલાકાત લીધી હતી. બનાવની ડોકટરે ઉચ્ચકક્ષાએ રજુઆત કરી હતી. બનાવને લઈને સંતરામપુર પીઆઈ સહિત ૧૦ પોલીસ કર્મીઓ પર કાર્યવાહી કરી હોવાનું મહિસાગર પોલીસવડા રાકેશ બારોટે જણાવ્યું હતુ.

# વ્હાઈટ હાઉસમાં પ્રથમ વખત ભારતીયોનો દબદબો, બિડેને ૨૦ લોકોને કર્યા નોમિનેટ



વોશિંગ્ટન,
અમેરિકાના નવા રાષ્ટ્રપતિ જો બાઈડન ૨૦ જાન્યુઆરીના રીપ શપથ લેશે. બાઈડન પ્રશાસનમાં મહત્વના પદો પર ૧૩ મહિલાઓ સહીત ઓછામાં ઓછા ૨૦ ભારતીય-અમેરિકીઓના નામ છે. જેમાંથી ઓછામાં ઓછા ૧૭ લોકો વાઈટહાઉસમાં મહત્વના પદો પર છે. અમેરિકાની કુલ આબાદીના ૧% ભારતીય-અમેરિકી છે. અને આ નાના સમુદાયથી કોઈને પણ પહેલી વખત વધુ સંખ્યામાં લોકોને નિયુક્ત કરવામાં આવશે. બાઈડન સાથે ૨૦ જાન્યુઆરીએ કમલા હેરિસ પણ શપથ ગ્રહણ કરશે. જે પહેલી મહિલા ઉપરાષ્ટ્રપતિ તરીકે કાર્યભાર સંભાળશે. હેરિસ અમેરિકામાં ભારતીય મૂળની રાષ્ટ્રપતિ હશે. તેઓ કાર્યભાર સાંભળવા વાળી પહેલી મહિલા આફ્રિકી-અમેરિકી પણ હશે. આ પહેલી વખત છે કે જયારે શપથ ગ્રહણ સમારોહ પહેલા કોઈ રાષ્ટ્રપતિ પ્રશાસનમાં આટલી વધુ સંખ્યામાં ભારતીય અમેરિકીઓને નામિત કરવામાં આવ્યા છે.

હજુ પણ પ્રશાસનમાં ઘણા પદ ખાલી છે. આ સૂચીમાં સૌથી ઉપર નીર ટંડન અને ડો. વિવેક મૂર્તિ છે. વાઈટ હાઉસમાં પ્રબંધક અને બજેટ નિવેશક તરીકે ટંડન અને અમેરિકી સર્જન તરીકે ડો.વિવેકને નામિત કરવામાં આવ્યા છે. વનિતા ગુપ્તાને વિધિ મંત્રાલયની એટોર્ની જનરલ બનાવવાં આવી છે. શનિવારે વિદેશ સેવાની પૂર્વ અધિકારી ઉજરા જેયાને અસૈન્ય સુરક્ષા, લોકતંત અને માનવાધિકાર માટે અવર વિદેશ મંત્રી નિયુક્ત કરવામાં આવ્યા છે. માલા અડીગાને ભાવિ પ્રથમ મહિલા ડો.જિન બાઈડન ની નીતિ નિર્દેશક અને ગરિમા વર્માને પ્રથમ મહિલાના કાર્યાલયમાં ડિજિટલ નિર્દેશક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જયારે સબરીના સિંહને પોતાની ઉપ પ્રેસ મંત્રી નિયુક્ત કરવામાં આવી છે. વાઈટ હાઉસમાં પહેલી વખત એવા બે ભારતીય-અમેરિકીઓને સ્થાન આપવામાં આવ્યું છે, જે મૂળ રૂપથી કાશ્મીર સાથે સંબંધ રાખે છે.

એમાં આયશા શાહને વાઈટ હાઉસ કાર્યાલયની ડિજિટલ રણનીતિની 'પાર્ટનરશિપ મેનેજર' અને ફાઝલી વાઈટ હાઉસમાં અમેરિકી રાષ્ટ્રીય આર્થિક પરિષદની ઉપ નિર્દેશક નિયુક્ત કરવામાં આવી છે. વાઈટ હાઉસ રાષ્ટ્રીય આર્થિક પરિષદમાં એક અન્ય ભારતીય અમેરિકી ભારત રામમૂર્તિને ઉપનિર્દેશક નિયુક્ત કરવામાં આવ્યા છે. ગૌતમ રાઘવનને વાઈટ હાઉસમાં રાષ્ટ્રપતિ કાર્મિક કાર્યાલયમાં ઉપ નિર્દેશક નિયુક્ત કરવામાં આવ્યું છે. વિનય રેડ્ડીને બાઈડનના ભાષણ નિર્દેશક નામિત કરવામાં આવ્યા છે. વેદાંત પટેલ રાષ્ટ્રપતિના સહાયક પ્રેસમંત્રી તરીકે જવાબદારી સંભાળશે. ત્રણ ભારતીય અમેરિકીને વાઈટ હાઉસમાં રાષ્ટ્રીય સુરક્ષા પરિષદમાં નામિત કરવામાં આવ્યા છે. તરુણ છાબડાને પ્રાયોગિક તેમજ રાષ્ટ્રીય સુરક્ષાના વરિષ્ઠ નિર્દેશક, સુમોના ગુહાને દક્ષિણ એશિયા માટે વરિષ્ઠ નિર્દેશક અને શાંતિ કલાથીલને લોકતંત્ર તેમજ માનવાધિકાર સમન્વય નિયુક્ત કરવામાં આવ્યા છે.

(પાન નં.૧ નું ચાલુ)

### સ્ટેચ્યૂ ઓફ યુનિટીને દેશ....

'રેલવેના ઈતિહાસમાં પહેલીવાર એક સાથે આટલા રાજ્યમાંથી સંયુક્ત રીતે આ પ્રકારે ટ્રેનોની શરૂઆત થઈ છે. આખરે કેવડિયા જગ્યા જ એવી છે. દેશનું એકીકરણ કરનારા સરદાર વલ્લભભાઈ પટેલના રાષ્ટ્રીય સ્મારકને દેશ સાથે જોડી રહેલી રેલવેએ ખરા અર્થમાં એક ભારત શ્રેષ્ઠ ભારતનો પરિચય કરાવ્યો છે. કેવડિયાનું દેશના દરેક દિશા સાથે જોડાવું સમગ્ર દેશ માટે ગર્વની ક્ષણ છે. થોડી વાર પહેલાં ચેન્નાઈ, વારાણસી, રીવા, દાદર અને દિલ્હી, મુંબઈ અને અમદાવાદથી કેવડિયા જોડાઈ ગયું છે. હું નાનો હતો તે વખતે ચાંદોદ વિસ્તારમાં રેલવેમાં નેરોગેજમાં પરિવાર સાથે ગયો છું.

આ વિસ્તારમાં નેરોગેજમાં મુસાફરી કરવાની મજા હતી. આ રેલવે લાઈન આદિવાસીઓના જીવનમાં પરિવર્તન લાવનારી બનશે. આ રેલવે લાઈન મા નર્મદાના તટે વસેલા, કરનાલી, પોઈચા અને ગરૂડેશ્વર જેવા આસ્થાના સ્થળોને જોડશે. હવે સ્ટેચ્યૂ ઑફ યુનિટી જોવા માટે સ્ટેચ્યૂ ઋફ લિબર્ટી કરતા વધુ લોકો ઉમટી રહ્યા છે. કોરોનામાં થોડો સમય બંધ રહ્યા બાદ હવે ફરી મુસાફરો ઉમટી રહ્યા છે.

એક સર્વે મુજબ ભવિષ્યમાં રોજ એક લાખ લોકો કેવડિયા આવે તેનું અનુમાન છે. પર્યાવરણની રક્ષા કરતા કરતા ઈકૉનોમી અને ઈકૉલૉજીનો વિકાસ કેવી રીતે થાય તે આનું ઉદાહરણ છે. કેવડિયાની વિકાસ યાત્રા જોઈ લીધા બાદ આપને પણ દેશની શાનદાર જગ્યા જોઈને ગર્વ થશે. કેવડિયાને વિશ્વનું સૌથી ફેમિલી ટુરિસ્ટ ડેસ્ટિનેશન બનાવવાની વાત કરવામાં આવતી ત્યારે લોકો કહેતા કે આ શક્ય નથી. જોકે, એ લોકોની વાતોમાં તર્ક પણ હતો. ન રેલ, ન ટુરિસ્ટોને રહેવા માટેની વ્યવસ્થા, ન એરપોર્ટ વગેરે. પણ આજ થોડાક જ વર્ષોમાં કેવડિયાની કાયા કલ્પ ઉદાહરણ છે.

### મધ્યપ્રદેશમાં ૧૩ વર્ષની બાળકી....

બીજી ઘટનામાં ૫ આરોપીની ધરપકડ કરવામાં આવી છે. માસુમ કોઈ પણ રીતે છુટીને પોતાના ઘરે પહોચી હતી. ત્યા તેને પરિવારજનોને ઘટના વિશે જણાવી હતી. તે બાદ પરિવારજન બાળકીને લઈને પોલીસ પાસે પહોચ્યા હતા. સહેવાલે જણાવ્યુ, "૧૩ તારીખે બાળકી મળી હતી, તે બાદ તેની કાઉન્સલિંગ કરી હતી. તે બાદ બાળકીએ પોતાની આપવીતી વિશે જણાવ્યુ હતું." તે બાદ પોલીસે ૨૪ કલાકની અંદર જ ધરપકડ કરી હતી.

મધ્ય પ્રદેશની શિવરાજ સિંહ સરકાર રાજયમાં મહિલાઓ વિરૂદ્ધ ગુનાને લઈને જન જાગૃતિ અભિયાન ચલાવી રહી છે પરંતુ તેમ છતા મહિલાઓ ઉપર થઈ રહેલા ગુનાઓ રોકાવાનું નામ નથી લઈ રહ્યા. છેલ્લા છ દિવસમાં રાજયના અલગ અલગ જિલ્લામાંથી ઓછામાં ઓછી ચાર ઘટનાઓ સામે આવી છે.


## હાર્દિક શ્રદ્ધાંજલિ


સ્વ.સુરેશભાઇ ઘનશ્યામભાઇ સોની
જ.તા.૨૪/૧૧/૧૯૫૬
સ્વ.તા.૧૫/૦૧/૨૦૨૧

સર્વ પ્રત્યે અખુટ લાગણી સાથેનો તમારી આનંદી માયાળુ સ્વભાગ, વ્યવહાર કુશળતા, સંસ્કાર અને સદ્દગુણોની સુવાસ કદી ભુલાશે નહી. આપના અનુભવોનો ધોધ વહેતો બંધ થઈ ગયો જેની ઉણપ હંમેશા રહેશે.

ઈશ્વર આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

પંચમહાલ સમાચાર (દૈનિક) પરિવાર


## દૈનિક રાશીફળ

તા.૧૮.૦૧.૨૦૨૧ સોમવાર

મેષ(અ,લ,ઈ): સમય સારો છે. તમારા વ્યક્તિત્વની સામે વિરોધી પરાજિત થશે અને તમે તમારા કામને યોગ્ય રીતે પૂર્ણ કરી શકશો. યુવા વર્ગને કોઈ સારી સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

વૃષભ(બ,વ,ઉ): સ્થાન પરિવર્તનને લગતી યોજના બની રહી છે તો આજે તે કાર્યને શરૂ કરવાનો યોગ્ય સમય છે. આવકના નવા સ્ત્રોત બનશે તથા આર્થિક સ્થિતિ પણ સારી બનશે.

મિથુન(ક.છ.ઘ): આ સમયે તમારી આસપાસની પરિસ્થિતિઓમાં થોડા ફેરફાર અનુભવ કરશો. આ ફેરફારનો તમારા વ્યક્તિત્વ ઉપર પોઝિટિવ પ્રભાવ પણ પડશે.

કર્ક(ડ,હ): પરિસ્થિતિઓ તમારા પક્ષમાં છે. પરંતુ ભાવનાઓની જગ્યાએ વિવેક અને ચતુરાઈથી કામ લેવું તમારા માટે ઉન્નતિદાયક સાબિત થશે.

સિંહ(મ,ટ): આ સમય આત્મમંથન તથા આત્મ વિશ્લેષણનો છે. અન્યના પ્રભાવમાં આવશો નહીં. તમારા સિદ્ધાંતો પ્રમાણે કામ કરો. તમને તેવી જ રીતે સફળતા મળશે.

કન્યા(પ,ઠ,ણ): આજે પ્રોપર્ટીને લગતું કોઈપણ કામ કરવા માટે સમય ખૂબ જ અનુકૂળ છે. પરિવાર સાથે કોઈ ધાર્મિક સ્થળે જવાનો પ્રોગ્રામ બનશે તથા શાંતિ પણ અનુભવ થશે.

તુલા(ર.ત.): આ સમયે ભાગ્ય તમને દરેક પરિસ્થિતિ સામે લડવાની શક્તિ પ્રદાન કરી રહ્યું છે. સમયનો ભરપૂર ઉપયોગ કરો. તમારા નિર્ણય જ સર્વોપરિ રાખો.

વૃશ્ચિક(ન.ય.): તમને અનુભવ થશે કે કોઈ ઈશ્વરીય શક્તિ તમારા માટે કામ કરી રહી છે. તમે તમારા આત્મવિશ્વાસ અને મહેનત દ્વારા કોઈપણ ઉપલબ્ધિ પ્રાપ્ત કરવામાં સક્ષમ રહેશો.

ધન(ભ,ધ,ફ,ઢ): છેલ્લાં થોડા સમયથી ચાલી રહેલી કોઈ સમસ્યાનું નિવારણ થશે. ઘણાં સમય પછી મિત્રો સાથે ગેટ-ટુ-ગેધર થવાથી બધા લોકો સુખ તથા ઉમંગ અનુભવ કરશે.

મકર(ખ.જ.): સમય ઉત્તમ છે. તમારી ક્ષમતાઓને કરિયર, અધ્યાત્મ અને ધર્મની પ્રગતિમાં યોગ્ય રીતે ઉપયોગ કરવામાં સક્ષમ રહેશો. તમારી સંવેદનશીલતા સમાજમાં તમને સન્માન અપાવશે.

કુંભ(ગ,સ,શ,ષ): થોડા સમયથી ચાલી રહેલી ભાગદોડથી રાહત મેળવવા માટે પ્રકૃતિની નજીક થોડો સમય પસાર કરો.

મીન(દ,ચ,ઝ,થ): આ સમયે ગ્રહ સ્થિતિ તમને સાવધાન કરી રહી છે કે નાણાકીય યોજનાઓ અંગેના કાર્યો ઉપર તમારું ધ્યાન કેન્દ્રિતકરો. બેકારના કાર્યોમાં સમય નષ્ટ ન કરો.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# સંજેલી નગરના હોળી ચકલા ફળીયાનું ગેરકાયદેસર બાંધકામ TDO દ્વારા અટકાવી દુર કરવાનો હુકમ

દાહોદ,

દાહોદ જિલ્લાના સંજેલી નગરના હોળી ફળિયામાં ગેર કાયદેસર બાંધકામ થતું હોવાની લેખિત અરજી સંજેલી તાલુકા વિકાસ અધિકારી પાસે ગઈ હતી. આ અરજીને અનુસંધાને તાલુકા વિકાસ અધિકારી દ્વારા આ અંગે તલાટી કમ મંત્રી અને સરપંચ પાસે તપાસ કરી અહેવાલ મંગાવવામાં આવ્યો હતો પરંતુ અહેવાલમાં સંતોષકારક જવાબ ન મળતાં તાલુકા વિકાસ અધિકારી દ્વારા બાંધકામ અટકાવી દુર કરવા બાબતનો લેખિત હુકમ સંજેલી તલાટી કમ મંત્રીને કરતાં ગ્રામ પંચાયત આલમ સહિત નગરમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

મળતી પ્રાપ્ત વિગતો અનુસાર, સંજેલી નગરના હોળી ફળિયા ખાતે ગેર કાયદેસર બાંધકામ અટકાવી દબાણ દુર કરવા બાબતે સંજેલી તાલુકા વિકાસ અધિકારી દ્વારા સંજેલી તાલુકા પંચાયત કચેરીના તલાટી કમ મંત્રી પાસે રબર તપાસ કરી અહેવાલ મંગાવવામાં આવ્યો હતો. આ સંદર્ભે તલાટી કમ મંત્રી અને સરપંચ દ્વારા જવાબ આપવામાં આવ્યો હતો પરંતુ આપવામાં આવેલ જવાન સ્વરપે અહેવાલાં હોળી ફળિયામાં ગેર કાયદેસર બાંધકામ બાબતે સ્પષ્ટતા કરવામાં આવી ન હતી. ડબગર બાબુભાઈ કચરાભાઈ તેઓના મકાનની બાજુમાં ખુલ્લી જગ્યામાં મકાન બાંધકામ શરૂ કર્યું છે, તેમ તલાટી અને સરપંચ દ્વારા જણાવેલ હતું પરંતુ તેઓ દ્વારા પોતાની માલિકીના જમીનમાં મકાનનું બાંધકામ શર કરવામાં આવેલ છેકે પછી સરકારી જમીનમાં મકાન બાંધકામ શર કરેલ છે તેનો સ્પષ્ટ ઉલ્લેખ ન કરતાં સંજેલી તાલુકા વિકાસ અધિકારી દ્વારા આ બાબતે બાંધકામ અટકાવી દબાણો દુર કરવા બાબતે સંજેલી ગ્રામ પંચાયત કચેરીના તલાટી કમ કમંત્રી અને સરપંચને હુકમ કર્યો હતો.

# સંજેલી તાલુકાના ઢેડીયા ખાતે મનરેગા યોજનામાં પગાર બાબતે થયેલા ભ્રષ્ટાચારને લઈને રણનીતિ નક્કી કરવામાં આવી


સંજેલી,

સંજેલી તાલુકાના ઢેડીયા મનરેગા યોજનામાં થયેલા ભ્રષ્ટાચારને લઈને શ્રમિકો દ્વારા તાલુકા જીલ્લા સહિત ઉચ્ચકક્ષાએ રજુઆત છતાં પણ પોતાના હકકના નાણાં મેળવવા માટે કચેરીઓના ધક્કા ખાઇ બાય બાય ચાયણી થી કંટાળેલા ગ્રામજનો પ્રાથમિક શાળામાં એકઠા થઈ અગાઉની રણનીતિ માટે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

લોકડાઉન દરમ્યાન લોકોને રોજીરોટી મળી રહે તેને ધ્યાને લઈને નરેગા યોજના હેઠળ કામો શર કરવામાં આવ્યાં હતાં. જે અંતર્ગત ઢેઢીયા ગામે તળાવ ચેકડેમો કેટલશેડ અને આવાસ સહિતના કામો શર થતાં જ ગામના ૫૦૦ જેટલા લોકોએ નરેગા યોજના હેઠળના કામોમાં પોતાના પરિવારનું પેટીયું રળવા માટે બળબળતા તાપમાં કોરોનાકાળમા પોતાનો જીવ જોખમમાં મૂકીને પરિવારની ચિંતા કરી મજુરી કરવા લાગી ગયાં હતા. જે પરસેવાના પૈસા ગરીબ પરિવારોને ચૂકવવાને બદલે તાલુકા વહિવટી તંત્ર ના કેટલાય મળતિયાઓ દ્વારા બારોબાર ખોટા એકાઉન્ટ ભૂતિયા જોબકાર્ડ બનાવી ની લાખ્ખો રપિયાના નાણાંની ઉચાપત થતાં મજુરો દ્વારા અને તાલુકા જિલ્લા તેમજ ઉચ્ચ કક્ષાએ લેખિત મૌખિક રજુઆતો કરવામાં આવી હતી.જે બાદ તાલુકા અધિકારી દ્વારા ટીમ બનાવી તપાસના આદેશ આપ્યાં હતાં. ટીમ દ્વારા પણ પૂરતી તપાસ કરવાને બદલે માત્ર બેન્કોના ૧૦૬ જેટલા ખોટા ખાતાઓ અને પોસ્ટ ઓફિસના તમામ ખાતાઓ બોગસ બતાવી માત્ર રપિયા ૯૯૭૬૦ નો

> તાલુકા અધિકારીની ટીમ દ્વારા મનરેગામાં થયેલા ભ્રષ્ટાચારની તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં પોસ્ટ ઓફિસના તમામ ખાતા બોગસ મળી આવ્યા હતા અને અન્ય બેન્કોમાંથી ૧૦૬ જેટલા બોગસ ખાતામાં ૯૯૭૬૦ રૂપિયાનો રિપોર્ટ રજૂ કર્યો હતો. જી.આર.એસ બારિયા, દિનેશભાઈ રેવાભાઈ, એમ.આઈ.એસ ચરપોટ, નરેશ દ્વારા ખોટાખાતાઓમાં ના જમા કરી ઉંચાપત કર્યા અંગેનો અહેવાલ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ને રજૂ કરવામાં આવ્યો હતો. તેમ છતાં તાલુકા તેમજ જિલ્લાની મીલીભગત હોય તેમ મોટા માથાઓ સામે તપાસ કર્યા વગર જ માત્ર GRS સસ્પેન્ડ કરવામાં આવ્યો છે.ઉચાપતમાં નામ હોવા છતાં પણ ળશત તંત્ર મહેરબાન જો સકજો કસવા મા આવે તો તાલુકા ના અન્ય કમચારિ ની પણ મિલિભગત હોવાનુ સામે આવે તેમ છે.

રિપોર્ટ રજુ કરાયો હતો. ટીમ દ્વારા પણ મજૂરો સાથે ખોટો અન્યાય થયો હોવાને લઈને મજુરી ખર્ચ પેટે થયેલા ભ્રષ્ટાચાર ને લઈ ૫૦૦ ઉપરાંત લોકોનાં બાકી રહેતી રકમ અને મજુરી કરેલા દિવસોની પૂરેપૂરી યાદી સાથે તાલુકા જિલ્લા તેમજ ઉચ્ચ કક્ષાએ લેખિત મૌખિક રજુઆત કરવામાં આવી હતી છતાં પણ કોઈ કાર્યવાહી ન થતા તાલુકા પંચાયતના ઘેરાની ઘેરાવની ચીમકી ઉચ્ચારતાંજ જિલ્લા તંત્ર અને પોલીસ વિભાગ દ્વારા દોડધામ મચી હતી.અને પોલીસે મધ્યસ્થી બની ૧૫ દિવસ મા યોગ્ય તપાસ કરી નાણાં ચૂકવી આપવામાં આવશે તેવ આશ્વાસન આપવામાં આવ્યું હતું હવે જે બાદ તાલુકા પંચાયત નો ઘેરાવો મોકૂફ રાખ્યો હતો બે માસ વીતી ગયા છતાં પણ મજૂર અને મજૂરીના હકના નાણાં જમા ન થતા ૧૬મી ને શનિવારના રોજ ગ્રામજનો દ્વારા પ્રાથમિક શાળામાં એકતા થઈ વહીવટીતંત્ર સામે પોતાના હકના નાણાં મેળવવા માટે ભયો ચડાવવા માટેની તૈયારીઓ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.




# દેવગઢ બારીયા ખાતેની સરકારી સબડિવિઝનલ હોસ્પીટલ ખાતેથી કોરોના રસીકરણનો આરંભ


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દાહોદ,

રાજયમંત્રી બચુભાઇ ખાબડે દેવગઢ બારીયા ખાતેની સરકારી સબડિવિઝનલ હોસ્પીટલ ખાતેથી કોરોના રસીકરણનો આરંભ કરાવ્યો છે. આ રસીકરણ કેન્દ્ર જિલ્લામાંના ચાર રસીકરણ કેન્દ્રોમાંનું એક છે. આ રસીકરણ કેન્દ્ર ખાતેથી પ્રથમ તબક્કામાં રોજના ૧૦૦ આરોગ્યકર્મીઓનું રસીકરણ કરવામાં આવશે.

રાજયમંત્રી બચુભાઇ ખાબડે આ પ્રસંગે જણાવ્યું કે, કોરોના મહામારીએ આપણી ખૂબ આકરી કસોટી કરી છે. આ કપરા સમયમાં ડોકટરો, નર્સો, આરોગ્યકર્મીઓ, આંગણવાડી કાર્યકર્તાઓથી લઇને તમામ કોરોના વોરિર્યસે જોરદાર લડત આપી છે. આ કપરા સમયમાંથી બહાર આવવા આપણે લાંબા સમયથી કોરોનાની રસીની રાહ જોઇ રહ્યાં હતા. ત્યારે હવે કોરોનાની રસી આવી ચૂકી છે. બે દિવસ પહેલાં જ દાહોદમાં જિલ્લા પંચાયત ખાતે મેં કોરોના વેકિસનના આગમનનાં વધામણા કર્યા હતા અને આજે દેવગઢ બારીયા ખાતેના રસીકરણ કેન્દ્રનું ઉદ્ઘાટન પણ કરી રહ્યો છું.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ આજે દેશભરમાં કોરોના રસીકરણનો આરંભ કર્યો છે. ત્યારે આજનો દિવસ ઐતિહાસિક દિવસ બની રહ્યો છે. દેશના નાગરિકોને હવે ખાતરી થઇ છે કે દેશ કોરોના મહામારીથી ખૂબ જ ટૂંકા સમયમાં મુક્ત થશે. દાહોદ જિલ્લામાં પણ આજથી વેક્સિનેશનનો આરંભ થઇ ગયો છે. આગામી સમયમાં જેમ જેમ કોરોના રસીનો જથ્થો ઉપલબ્ધ થશે એ પ્રમાણે તમામ નાગરિકોને પણ વેક્સિનેશનના જુદા જુદા તબક્કામાં સમાવેશ કરવામાં આવશે. સરકારની માર્ગદર્શિકા પ્રમાણે આગામી સમયમાં ૫૦ થી વધુ ઉંમરના નાગરિકોને પણ રસી આપવામાં આવશે.

અત્યાર સુધી આપણે દો ગજની દૂરી, સામાજિક અંતર, માસ્ક વગેરે નિયમોનું ચુસ્તપણે પાલન કર્યું છે. આ નિયમોને હજુ આપણે જાળવી રાખવાના છે અને તેમનું પાલન કરવું જરરી છે. આ પ્રસંગે આપણા કોરોના વોરિર્યસ દ્વારા કરવામાં આવેલી કામગીરીને હું રાજય સરકાર વતી બિરદાવું છું. આ પ્રસંગે પશુપાલન નિયામક ડો. કમલેશ ગોસાઈ, નગર પાલિકાના માજી પ્રમુખ મહેશભાઇ ડોકટરો, આરોગ્ય વિભાગ સહિતના અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# દાહોદ જીલ્લામાં આજરોજ ૦૪ કોરોના કેસ નોંધાયા

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે ૦૪ કોરોના દર્દીઓના સમાવેશ સાથે જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૨૭૬૭ને પાર થઈ ચુક્યો છે. બીજી તરફ આજે વધુ એક દર્દીએ કોરોનાથી પોતાની જીવ ગુમાવ્યો હોવાનું પણ જાણવા મળી રહ્યું છે.

આર.ટી.પી.આર.ના ૧૪૬ પૈકી ૦૪ કોરોના કેસો આજે સામે આવ્યાં છે. જેમાં દાહોદ અર્બનમાંથી ૦૨, લીમખેડામાંથી ૦૧ અને ફતેપુરામાંથી ૦૧ કેસનો સમાવેશ થાય છે. આજે વધુ ૧૨ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપતાં એક્ટીવ કેસની સંખ્યા ૫૮ રહેવા પામી છે. ત્યારે અત્યાર સુધી કોરોનાથી કુલ ૯૬ લોકો પોતાનો જીવ ગુમાવી ચુક્યાં છે.

# રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ રાજયના ૬ બેસ્ટ ડેપોમાં સ્થાન મળતાં કર્મચારીઓ-ડેપો મનેજરમાં ખુશી

દાહોદ,

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા રાજ્યના ૦૬ બેસ્ટ ડેપોને રૂા.૦.૫૦ લાખ એવોર્ડ તેમજ ટ્રોફિ આપવામાં આવનાર છે. આ ૦૬ના સિલેક્શનમાં દાહોદ ડેપોનો પણ સમાવેશ થતાં દાહોદ જિલ્લા માટે એક ગૌરવની વાત છે અને દાહોદ જિલ્લા વહીવટી તંત્ર પણ દાહોદ ડેપોની કામગીરીને લઈ દાહોદ ડેપોના મેનેજર સહિત તમામ કર્મચારીઓને વધાવી લીધા હતાં. ઓક્ટોમ્બર ૨૦૧૮ થી સપ્ટેમ્બર ૨૦૧૯માં મેળવેલ કેએમપીએલની સાપેક્ષમાં ઓકટોમ્બર ૨૦૧૯ થી સપ્ટેમ્બર ૨૦૨૦ના કેએમપીએલમાં મેળવેલ ઈમ્પ્રુવમેન્ટને આધારે ૦૬ બેસ્ટ ડેપોને રૂા.૦.૫૦ લાખ એવોર્ડ તેમજ ટ્રોફિ આપવામાં આવનાર છે. આ ૦૬ ડેપોમાં ધોરૂાજી ડેપો – ડુનાગઢ, રાજુલા ડેપો – અમેરીલ ડીવીઝન, દાહોદ ડેપો – ગોધરા ડીવીઝન, અમદાવાદ ડેપો – અમદાવાદ ડીવીઝન, ધોળકા ડેપો – અમદાવાદ ડીવીઝન અને ધરમપુર ડેપો – વલસાડ ડીવીઝનનો સમાવેશ થયો છે. આ પૈકી દાહોદ ડેપો પણ બેસ્ટ ડેપોની કેટેગરીમાં સામેલ થયો હોવાની માહિતી દાહોદ જિલ્લાવાસીઓને થતાં તમામે ગૌરવની લાગણી અનુભવી હતી. વધુમાં જાણવા મળ્યા અનુસાર, ડેપો કક્ષાએ તમામ મીકિનીક તેમજ ડ્રાઈવરને જાણ થાય તેવી કાર્યવાહી કરવા તેમજ વાહનોની કાર્યક્ષમતામાં વધારો કરવા માટે જરરી મોનીટરીંગ, વાહનો પ્રી–મેઈન્ટેનન્સની કામગીરી કરવા પણ જણાવવામાં આવ્યું છે. તારીખ ૧૮મી જાન્યુઆરી ૨૦૨૧ના રોજ ૧૫.૩૦ કલાકે આઈઓસીએલ ગુજરાત સ્ટેટ ઓફિસ, ગાંધીનગર ખાતે વચ્ચુઅલ રીતે મીટીંગ રાખવામાં આવનાર છે.

# દાહોદ થી દાદુરની ST બસ શરૂ કરતાં મુસાફરોમાં આનંદ

દાહોદ,

મુસાફરોની સુખ–સુવિધાને ધ્યાનમાં રાખી દાહોદ ડેપો દ્વારા દાહોદથી દાદુર માટે એક નવી બસની ફાળવણી કરતાં બસની મુસાફરીમાં ચાર ચાંદ લાગી ગયા છે.

દાહોદ થી દાદુર જવા માટે મુસાફરોને અગાઉ મુશ્કેલી પડતી હતી. આ અંગેની જાણકારી દાહોદ ડેપો મેનેજર સહિત ઉચ્ચસ્તરિય રજુઆતો થતાં તેમજ મુસાફરોને પડતી અગવડતાંને સુવિધામાં પરિવર્તન કરવા માટે સાંસદ આદર્શ ગ્રામ યોજનાની અમલવારી મુજબ દાહોદ થી દાદુર જવા માટે એખ નવી બસ મુકવામાં આવી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 124

## આકારણી માટે મહિનાઓથી ગોધરા પાલિકામાં ફાઈલોના થપ્પા છતાં ૫૦ જેટલા

# રહીશોનો આડેધડ વેરા વસૂલાત અને મિલકત સીલ કરવાના મુદ્દે વિરોધ

ગોધરા, હાલમાં આર્થિક રીતે તળીયા ઝાટક થયેલ ગોધરા નગર પાલિકા હવે માર્ચ માસ નજીક આવતાં સફાળી જાગીને વસૂલાત શરૂ કરી છે. પરંતુ પાપડી ભેગી ઈયળ બફાઈ તેમ પાલિકાના બાંધકામ વિભાગની ભૂલના ભોગ નિર્દોષ અરજદારો બની રહ્યા છે. આકારણી માટે મહિનાઓથી મંજૂરી અર્થે ફાઈલો રહિશો દ્વારા પાલિકામાં મૂકાયેલી છે. તેમ છતાં મનસ્વી નીતિ અને કોણ જાણે કેમ છુપી મનષા ધરાવીને મંજૂરી અપાતી નથી અને વેરા વસૂલાત માટે મિલ્કતો સીલ મારવા નિકળવાના મુદ્દે વિરોધ વંટોળ ઊઠ્યો છે.

પંચમહાલ જીલ્લાના વડામથક ગોધરા ખાતે જીલ્લાની મોટામાં મોટી એટલે વસ્તી, આવક અને વિકાસના કામોની દ્રષ્ટિ એ અગ્રેસર છે. જેના કારણે વખતોવખત સરકાર માંથી મસમોટી ગ્રાન્ટ આવવાની સાથે વેરા વસૂલાત પણ હાલોલ, કાલોલ, શહેરાની તુલાનમાં વધુ આવે છે. બેફામ ખર્ચ કાઢવા સ્વભંડોળ તેવા વેરા ઉપર નિર્ભર રાખવી પડે છે. એટલે આવક માટે વસૂલાત વિભાગને અગત્યનો ગણવામાં આવીને તંત્રની નજર વસૂલાત ઉપર વધુ રહે છે અને લક્ષ્યાંક પૂર્વક વસૂલાત કામગીરી થતી રહે છે.

છેલ્લા પાંચ વર્ષથી ભાજપા શાસીત ગોધરા નગર પાલિકામાં વખતોવખત અનેક વિકાસના કામો થયા છે પણ સરકારના નિયમો પ્રમાણે નહીં પરંતુ ચુંટાયલા સભ્યોની ભલામણ પ્રેરીત ગણાતા એક પ્રકારે બિનજરૂરી ગણાયેલા છે. તેની સામે વસૂલાત માટે જતી ટીમને આજ સભ્યો દ્વારા શેહ ભરીને ચોકકસ ચહેરાને વેરા ભરવા માટે ટાળવામાં આવી રહ્યા હતા. જેના કારણે ગોધરા પાલિકાની તિજોરીની આર્થિક દશા જાણે તળીયા ઝાટક બની ગયાની પરિસ્થિતી ઉદ્દભવી હતી. આ મુદ્દે ભૂતકાળમાં આવક વધારવા વેરા વસૂલવા અંગે વિપક્ષના સભ્યોએ પણ મુદ્દો ઊઠાવ્યો હતો અને વર્ષોથી મનમાનીતો વહિવટ કરવાની ટેવ ધરાવતી ટીમે પણ આંખ આડા કાન કરતા હાલમાં આર્થિક કપરી સ્થિતીમાં હોવાની પ્રતિતિ સફાઈ કર્મીના પગાર, બોનસ તથા પેન્સરોને અને કર્મચારીઓના પગાર બિલ તથા કોન્ટ્રાકટરોના બીલો વખતે અનુભવાય છે.

હવે માર્ચ માસ નજીક આવતા અને આર્થિક ડામાડોળ સ્થિતીથી ચિંતીત બનેલ પાલિકા ટીમે વસૂલાત અભિયાન શરૂ કર્યું છે. પરંતુ નીતિ નિયમોનું ખુદ ટીમ ભંગ કરતા ભૂલના ભોગ અનેક નિર્દોષ રહિશો બની રહ્યા છે. ગોધરા શહેરના વિવિધ વિસ્તારોમાં રહિશો એ સ્વપ્નાનું ઘર બનાવીને આકારણી માટે પાલિકામાં ફાઈલો મુકેલી છે. પરંતુ મહિનાઓ વિતવા છતાં હકની આકારણી દસ્તાવેજ આપવામાં આવતી નથી. અવારનવાર ધરમધક્કા ખાવા છતાં મિટીંગ યોજાઈ નથી. ચકાસણી બાકી છે તેવા વિવિધ બ્હાના બતાવીને ધરમધકકા ખવડાવાઈ રહ્યા છે. એક તરફ રહેણાંકનું બાંધકામ તૈયાર કર્યા બાદ રહિશોને આકારણીની મંજૂરી આપતી નથી અને તેની તપાસ કર્યા વિના બિન આધારણી ધારકોને એટલે ૫૦ જેટલા રહિશોને રહેણાંકના આકારણી મુદ્દે નોટીસ ફટકારીને મિલ્કત વેરો ભરવા અંગે સીલ મારવાની કાર્યવાહીના પગલે વિરોધ વંટોળ ઊઠ્યો છે. બાંધકામ સંબંધિત વિભાગે સમય મર્યાદામાં આકારણી મંજૂરી કરી દે તો આવક પણ ઊભી થઈને નિયમિત પણે મિલ્કત વેરો શરૂ થઈને પાલિકાની આર્થિક સધ્ધરતા વધે તેમ છે. પરંતુ રેઢીયાળ નીતિના પગલે આવા ૫૦ જેટલા બાકી આકારણી ધારકોને મિલ્કત વેરાની નોટીસ સાથે મિલક્ત સીલ મારવાની આડેધડ કામગીરી હાથ ધરવાને મુદ્દે ઉહાપોહ સર્જાતા આગામી સમયમાં મુદ્દો પ્રાદેશિક કમિશ્નર નગર પાલિકા, વડોદરામાં રજૂ થઈને તપાસ માટે જાગૃત નાગરિકો દ્વારા માંગ કરવામાં આવનાર છે.




### આકારણી મંજૂર કરાય તો નવી આવક ઊભી થાય

ગોધરામાં વિવિધ વિસ્તારોમાં રહેણાંક અને કોર્મશીયલ બાંધકામો ફૂદકે ને ભૂસકે નિર્માણ થઈ રહ્યા છે. બાંધકામ ક્ષેત્રે તેજી આવત પાલિકા વિભાગને તિજોરી માટે આવકનું સાધન મહત્વનું ગણાય છે. બાંધકામ વિભાગની ટાઉન પ્લાનીંગ સમિટી કે સક્ષમ અધિકારી દ્વારા આકારણીની મંજૂરી આપવામાં આવે છે. પરંતુ ત્રણ-ચાર મહિનાથી રહિશો એ રહેણાંક માટે આકારણીની મંજૂરી માંગી છે પણ મીટીંગ મળી નથી. દસ્તાવેજોની ચકાસણી ચાલે છે. માંગ્યા મુજબની ચેક લીસ્ટનું પાલન થયું નથી તેવા બ્હાના બાજી દર્શાવીને પાલિકા દ્વારા અનદેખી કરવામાં આવે છે. એક તરફ આકારણી મળે તો વેરો ભરવા તૈયાર છે. બાદમાં મિલકત વેરો પણ ભરવા તૈયારી દર્શાવવા છતાં રહિશોની માંગને અસ્વીકાર કરવામાં આવીને દિવસોથી ફાઈલો ટલ્લે ચઢાવીને આવકને પાલિકાના અધિકારીઓ જ નુકશાન પહોંચાડી રહ્યા છે. ટૂંકમાં આકારણી મંજૂર કરાય તો નવી આવક ઊભી થા.

- હાલમાં પાલિકાની તિજોરીની આર્થિક સ્થિતી તળીયાઝાટક.
- હવે માર્ચ માસ નજીક આવતા પાલિકા ટીમ વસૂલાત માટે સફાળી બની.
- મહિનાઓથી કોઈને કોઈ બ્હાના બતાવી રહેણાંકોની આકારણીની મંજૂરી નહિ.
-બાંધકામ વિભાગની ભૂલનો ભોગ બનતા નિર્દોષ રહિશો.
- રહેણાંકની આકારણી માટે મંજૂરી અપાતી નથીને વેરા વસૂલાત નિકળેલી ટીમ.
- પાલિકા દ્વારા આડેધડ વહીવટ હાથ ધરાતા રહિશોમાં રોષ.
- આકારણીના મુદ્દે પ્રાંત કે કલેકટર દ્વારા તપાસ થશે ખરી ?
- આગામી સમયમાં પ્રાદેશિક કચેરી વડોદરામાં મુદ્દો રજૂ થશે.
- જો પાલિકા આકારણીની મંજૂરી આપે તો આવક શરૂ થાય.
- આવક રળવામાં પાલિકા શૂરી પણ આકારણી મંજૂરી નહીં !!!

જોઈએ છે.
પંચમહાલ જીલ્લામાં જાહેર ખબર માટેની એજન્સીમાં કામ કરે અને માર્કેટીંગ કરી શકે તેવા વ્યક્તિઓ જોઈએ છીએ.
મો.૭૯૯૦૧૪૦૧૧૪

# પંચમહાલ જિલ્લાના શહેરા અને મોરવા(હ) તાલુકામાં કિસાન સૂર્યોદય યોજનાનો શુભારંભ




તસ્વીર : તુષાર દરજી, શહેરા



તસ્વીર : હસમુખ શિકારી મોરવા(હ)

શહેરા/મોરવા(હ) ખેડૂતભાઈઓને પિયત માટે દિવસે વિજળી આપવાની રાજ્ય સરકારની ક્રાંતિકારી કિસાન સૂર્યોદય યોજનાના બીજા તબક્કામાં પંચમહાલ જિલ્લાના વિવિધ ગામો આવરી લેવાયા છે. આ જ શ્રેણીમાં જિલ્લાના શહેરા તાલુકાના ગામોમાં આ યોજનાના લોકાર્પણનો કાર્યક્રમ શહેરાના ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડના અધ્યક્ષસ્થાને અને પંચમહાલ જિલ્લા સાંસદ રતનસિંહ રાઠોડની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો હતો. શહેરા નગરપાલિકા હોલ ખાતે યોજાયેલ કાર્યક્રમના અધ્યક્ષસ્થાનેથી બોલતા ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડે જણાવ્યું હતું કે શહેરા તાલુકામાં આ યોજનાના લોકાર્પણ સાથે ૧૨ ગામના ૪૫૦થી વધુ ખેડૂતોને અને તબક્કાવાર તમામ ગામોના ખેડૂતોને પિયત માટે દિવસે વિજળીનો લાભ મળતો થશે. દિવસે વીજપુરવઠો મેળવવાની ખેડૂતોની વર્ષોની માંગ પૂરી થતા હવે તેમને પાણી પાવા માટે રાત્રે કરવા પડતા ઉજાગરા બંધ થશે તેમજ ઝેરી જીવ-જંતુના કરડવાનો, જંગલ વિસ્તારોમાં જાનવરોના હુમલાનો ભય બંધ થશે તેમજ પાણીનો વપરાશ પણ ઘટશે તેમ ધારાસભ્યએ ઉમેર્યુ હતું. ગુજરાતના દરેક ઘરને નિરંતર પુરવઠો પૂરો પાડવા માટે અમલી કરાયેલ જ્યોતિગ્રામ યોજનાની માફક જ કિસાન સૂર્યોદય યોજના પણ ગ્રામ્ય વિસ્તારો માટે આશીર્વાદરપ બની રહેશે. સરકાર દ્વારા ખેડૂત કલ્યાણ માટે લાગુ કરાયેલ વિવિધ યોજનાઓ વિશે માહિતી આપતા તેમણે ખેડૂતોને મહત્તમ યોજનાઓનો લાભ લેવા આગ્રહ કર્યો હતો. કિસાનો અને ગ્રામ્ય વિસ્તારમાં નિયમિત વિજપુરવઠો પહોંચતો કરવા સરકારે વીજ વ્યવસ્થાપન ક્ષેત્રે કરેલા ભગીરથ પ્રયાસોનો ઉલ્લેખ કરતા સરકારની સોલાર રૂફ ટોપ યોજનાનો લાભ લેવા જેઠાભાઈ ભરવાડે આગ્રહ કર્યો હતો, જેથી તેઓ પોતાના વપરાશ જેટલી વિજળી ઉત્પન્ન કરી શકે અને વધારાના વિજળી વેચીને આવક પણ મેળવી શકે.

પંચમહાલ જિલ્લામાં ગ્રામ વિકાસ, પશુપાલન અને ગૌસંવર્ધન રાજયમંત્રી બચુભાઈ ખાબડની અધ્યક્ષતામાં મોરવા હડફ તાલુકામાં કિસાન સૂર્યોદય યોજનાનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમના અદયક્ષસ્થાનેથી બોલતા મંત્રીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં જ્યોતિગ્રામ યોજનાથી રાજ્યના ૮,૦૦૦ ગામડાઓમાં પણ શહેરની માફક નિરંતર વિજળી મળવાનું સપનું સાકાર થયા બાદ હવે એ જ શ્રેણીમાં મુખ્યમંત્રી વિજયભાઈ રપાણીના નેતૃત્વ હેઠળ સરકારની કિસાન સૂર્યોદય યોજનાથી પિયત માટે દિવસે વિજળી મળવાનું કિસાનોનું સપનું સાકાર થઈ રહ્યું છે. આ સાથે જ મોરવા હડફ તાલુકાના ૫૨ પૈકી કુલ ૧૮ ગામોને પિયત માટે દિવસે વીજપુરવઠો આપવામાં આવશે. મંત્રીએ જણાવ્યું હતું કે અગાઉ પિયત માટે રાત્રિના સમયે વીજપુરવઠો મળતો હતો, જેના કારણે પાકમાં વધુ પાણી અપાઈ જવું, સર્પદંશ, જંગલી જાનવરોના હુમલા, ઠંડી-ઉજાગરા સહિતની સમસ્યાઓ રહેતી હતી, જેનાથી ખેડૂતોને હવે મુક્તિ મળશે તેમજ તેમની ઉત્પાદકતામાં વધારો થશે.

## હાલોલ તાલુકાના ધારીયા ગામે બે બાઈકો ઉપર લઈ જવાતા ૫૧ હજારના દારૂ સાથે ત્રણ ઈસમો ઝડપાયા

હાલોલ, હાલોલ તાલુકાના ધારીયા ગામે પાવાગઢ પોલીસ પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન બે મોટર સાયકલ ઉપર લઈ જવાઈ રહેલા ૫૧,૬૦૦/-રૂપીયાના ઈંગ્લીશ દારૂ સાથે ત્રણ ઈસમોને પોલીસ ઝડપી પાડયા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ તાલુકાના ધારીયા ગામે રોડ ઉપર પાવાગઢ પોલીસ પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન શંકાસ્પદ રીતે પસાર થતી બે બાઈકો જીજે.૩૪.ડી.૧૬૫૨ કિંમત ૨૫,૦૦૦/-રૂપીયા, હિરો કંપનીની બાઈક જીજે.૧૭.બીકે.૧૦૦૯ કિંમત ૨૦,૦૦૦/-રૂપીયા તેમજ બાઈક ઉપર કંતાનના થેલામાંથી ઈંગ્લીશ પ્લાસ્ટીક હોલ નંગ-૧૨૦ કિંમત ૫૧,૬૦૦/-રૂપીયા મળી કુલ ૯૬,૬૦૦/-રૂપીયાના મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસની રેડની અલ્પેશ માગનીયાભાઈ રાઠવા, રાધેશ્યામ સીનભાઈ રાઠવા, દશરથભાઈ દલસુખભાઈ બારીયાને ઝડપી પાડવામાં આવ્યા. આ બાબતે પાવાગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

શ્રી રામજન્મભૂમિ મંદિર નિર્માણ સમિતિ દ્વારા ગોધરા નગરમાં ૦૬ સ્થાનો પર તા.૧૬/૧/૨૦૨૧-શનિવાર ના રોજ એક સાથે સુંદરકાંડ નું આયોજન કરવા માં આવ્યું હતું. આ સુંદરકાંડ દ્વારા અયોધ્યા ખાતે ભગવાન શ્રી રામનું મંદિર બનવા જઈ રહ્યું છે. એ મંદિર સમસ્ત હિન્દુ સમાજના આર્થિક સહયોગ થી બને અને આ અભિયાનમાં પ્રત્યેક હિન્દુ ઘર જોડાય એવી યોજના છે. તો આ સામુહિક સુંદરકાંડના આયોજન દ્વારા સમસ્ત હિન્દુ સમાજ ને આ અભિયાનમાં જોડાવવા માટેનું આહવાન કરવામાં આવ્યું હતું

# ગોધરા, હાલોલ, કાલોલ અને શહેરાના કુલ ચાર કેન્દ્રો ખાતે કોરોના વોરિયર્સને રસી આપવા સાથે રસીકરણનો શુભારંભ



તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા



તસ્વીર : તુષાર દરજી, શહેરા

ગોધરા, મહિનાઓથી જેની રાહ જોવાઈ રહી હતી તેવી કોરોના વેક્સીનેશન ડ્રાઈવનો સમગ્ર દેશમાં પ્રારંભ થવા સાથે પંચમહાલ જિલ્લામાં પણ ગોધરા, હાલોલ, કાલોલ અને શહેરા એમ કુલ ચાર કેન્દ્રો ખાતે ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સ એવા સ્વાસ્થ્યકર્મીઓને રસી આપવા સાથે રસીકરણ અભિયાનનો શુભારંભ થયો છે. જિલ્લામાં આ નિમિત્તે યોજાયેલ ચાર મુખ્ય કાર્યક્રમમાં કાલોલ ખાતે સાંસદ રતનસિંહ રાઠોડ, ગોધરા ખાતે ધારાસભ્ય સી.કે.રાઉલજી, શહેરા ખાતે ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ અને હાલોલ ખાતે ધારાસભ્ય સુમનબેન ચૌહાણ સહિતના મહાનુભાવો દ્વારા જિલ્લામાં રસીકરણ અભિયાનની શરઆત કરવામાં આવી હતી. કોરોના સામેની જંગમાં સંક્રમણનું જોખમ વહોરીને સતત ફરજ બજાવનાર કુલ ૪૦૦ આરોગ્યકર્મીઓને રસી મુકવામાં આવી છે. જે પૈકી દરેક કેન્દ્ર પર ૧૦ લાભાર્થીઓને મહાનુભાવોની ઉપસ્થિતમાં જ નિર્દેશિત માર્ગદર્શિકાનું પાલન કરતા રસી આપવામાં આવી હતી. ગોધરા ખાતે સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા ડો. પીનલ ગાંધી, આયુર્વેદિક એસોસિએશનના પ્રમુખ ડો. શ્યામસુંદર શર્મા, શહેરના જાણીતા ગાયનેકોલોજિસ્ટ ડો. સુજાત વલી સહિતના શહેર અને જિલ્લાના અગ્રગણ્ય તબીબો અને સ્વાસ્થ્ય કર્મચારીઓને શરઆતમાં રસી મુકવામાં આવી હતી. રસી મુક્યા બાદ તમામને ૩૦ મિનિટ સુધી ઓબ્ઝર્વેશન રમમાં બેસાડીને સંભવિત આડઅસર બાબત નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યા હતા. હાલના તબક્કે રસી લેનાર કોઈને આડઅસર થયેલ જણાઈ નહોતી.

આ અગાઉ ગોધરાના સરદારનગર ખંડ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં બોલતા ધારાસભ્ય સી.કે.રાઉલજીએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ સમયસર લોકડાઉન સહિતના તકેદારીના પગલાંઓ અસરકારક રીતે લેવાના પરિણામે દેશમાં કોરોનાની વિપરીત અસરો અન્ય દેશોની તુલનાએ ઘણી ઓછી રહી છે અને હવે કોરોના સંક્રમણ સામે સ્વદેશી વેક્સિન આવી જતા કોરોના સામેની લડાઈ લાંબી નહીં ચાલે. નિષ્ણાતો દ્વારા પૂરતા પૂર્વ પરીક્ષણો બાદ રસીને મંજૂરી આપવામાં આવી છે ત્યારે રસીથી ગભરાવાની કોઈ જરર નથી અને સ્વદેશી વૈજ્ઞાનિકો દ્વારા વિકસાવયેલ આ રસીઓ દેશવાસીઓને આ ભયાનક મહામારી સામે સુરક્ષિત બનાવશે. જેથી સરકારે જાહેર કર્યા અનુસારની તકેદારીઓ સાથે રસીકરણનો લાભ લેવા અને તે માટે જાહેર કરાયેલા પગલાઓને અનુસરવા તેમણે જાહેર અપીલ કરી હતી. રસી લીધા પછી પણ કોરોના અંગેની માસ્ક, સેનેટાઈઝર, સોશિયલ ડિસ્ટન્સ સહિતની સાવચેતીઓનું પાલન કરવાનું છે જ તેવો આગ્રહ તેમણે કર્યો હતો. સ્વાસ્થયકર્મીઓને તેમની કોરોના સામેની કામગીરી બદલ બિરદાવતા તમામ કોરોના વોરિયર્સને ક્રમશઃ રસીકરણ હેઠળ આવરી લેવાશે તેમ જણાવ્યું હતું. જિલ્લા કલેકટર અમિત અરોરાએ જિલ્લાના રસીકરણ કેન્દ્રોની મુલાકાત લઈ કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છેકે પંચમહાલ જિલ્લાને પ્રથમ તબક્કામાં કોવિશિલ્ડ વેક્સિનના કુલ ૧૧,૩૨૦ ડોઝ ફાળવવામાં આવ્યા છે.

આ પ્રસંગે જીલ્લા કલેક્ટર અમિત અરોરા, જિલ્લા પોલીસ વડા ડો. લીના પાટીલ સહિતના વરિષ્ઠ અધિકારીઓ તેમજ એપીએમસીના ચેરમેન રાજુભાઈ ચૌહાણ સહિતના અગ્રણી નાગરિકો, નર્સિંગ કોલેજ તેમજ સિવિલ હોસ્પિટલનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

## મોરવા(હ)ના વેજમા ગામે હડફ નદીના પટમાં સંતાડેલ ૧.૨૪ લાખનો દારૂનો જથ્થો ઝડપાયો

મોરવા(હ), મોરવા(હ) તાલકાના વેજમા ગામે હડફ નદીના પટમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો સંતાડી રાખેલ છે. તેવી બાતમીના આધારે મોરવા(હ) પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન ખાડો કરી સંતાડી રાખેલ ઈંગ્લીશ દારૂની વિવિધ નાની મોટી બોટલ નંગ-૫૬૮ કિંમત ૧,૨૪,૭૩૦/-રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે મોરવા(હ) તાલુકાના વેજમા ગામે રહેતા દિપકભાઈ ઉર્ફે રાજુભાઈ વાલાભાઈ વણકર અને કનુભાઈ અમરસિંહ વણકર એ ઘરની થોડે દુર હડફ નદીના પટમાં ખાડોખોડીને ઈંગ્લીશ દારૂનો જથ્થો સંતાડી રાખેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન સુપર સ્ટ્રોંગ બીયર, માઉન્ટન ૬૦૦૦ સુપર સ્ટ્રોંગ બીયર, કાર, પ્રાઈડ પ્રિમિયમ વ્હિસ્કી, પ્રાઈડ માર્કાના કાચના કવાટરીયા, વ્હિસ્કી પ્લાસ્ટીક બોટલ, સ્ટેટ કલાસીક વ્હિસ્કી, રીમીકસ વોડકાની નાની મોટી ૫૬૮ બોટલો કિંમત ૧,૨૪,૭૩/-રૂપીયાના મુદ્દામાલ ઝડપાઈ જવા પામ્યો હતો. પોલીસની રેડ જઈ બન્ને ઈસમો નાશી જઈ ગુનો કર્યાની ફરિયાદ મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ઘોઘંબાના રાણીપુરા ગામે દુકાનમાંથી ૨૮ હજારના દારૂ સાથે એક ઈસમ ઝડપાયો

ઘોઘંબા, ઘોઘંબા તાલુકાના રાણીપુરા સ્મશાન રોડ ઉપર આવેલ દુકાનમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખી વેચાણ કરાઈ રહ્યો છે. તેવી બાતમીના આધારે એલ.સી.બી. પોલીસે રેડ કરી ૨૮,૭૫૦/-રૂપીયાના જથ્થા સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના રાણીપુરા ગામે પ્રવિણભાઈ ઉર્ફે પનીયા બારીયા પોતાની દુકાનમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખીને ધંધો કરતા હોય તેવી બાતમીના આધારે એલ.સી.બી. પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન બીયર ટીન અને ઈંગ્લીશ દારૂની બોટલો નંગ-૨૧૪ કિંમત ૨૮,૭૫૦/-રૂપીયાનો મુદ્દામાલ સાથે પ્રવિણ બારીયાને ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે દામાવાવ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## પંચમહાલ જિલ્લામાં કલેક્ટરની અધ્યક્ષતામાં જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતીની બેઠક યોજાઈ

ગોધરા, પંચમહાલ જિલ્લા કલેક્ટર અમિત અરોરાના અધ્યક્ષસ્થાને જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતીની બેઠક યોજાઈ હતી. જિલ્લા કલેક્ટરએ નલ સે જલ કાર્યક્રમ અંતર્ગત અત્યાર સુધી મંજૂર કરાયેલ કુલ ૨૫૧ યોજનાઓમાં થયેલ કામગીરીની સૂક્ષ્મ વિગતો મેળવી માર્ગદર્શન આપ્યું હતું. બેઠકમાં આ ઉપરાંત જિલ્લામાં ૧૮૪૭.૫ લાખના ખર્ચે ૨૫,૬૯૭ ઘરજોડાણ આપવા માટેની ૯૯ યોજનાઓને મંજૂરી આપવા અંગે ચર્ચા હાથ ધરી મંજૂરી આપવામાં આવી હતી. આ યોજનામાં ગોધરાની ૨૭, ઘોઘંબાની ૧૮, હાલોલની ૦૩, જાંબુઘોડાની ૧૫, કાલોલની ૧૭, શહેરાની ૧૮ અને મોરવા હડફની ૦૧ યોજનાઓનો સમાવેશ થાય છે. નલ સે જલ કાર્યક્રમ અંતર્ગત હાલોલના ૦૭ ગામોમાં ૧૦૦ ટકા નળ જોડાણની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. બેઠકમાં કલેક્ટરએ ૩ ગામોની ૩ યોજનાઓના ઘટકોમાં સુધારો થતા સુધારા માટેના કારણોની વિગતો મેળવી સુધારેલી રકમને મંજૂરી આપી હતી. જે ૧૦૦થી વધુ ગામોમાં લોકફાળાના પ્રશ્ન છે તેને પંચાયતની મદદથી ૧૫માં નાણાપંચ હેઠળ લઈ કામો પૂર્ણ કરવા તેમણે સૂચના આપી હતી. બેઠકમાં ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી એસ.કે.રાઠોડ, જિલ્લા શિક્ષણાધિકારી-પ્રાથમિક શિક્ષણાધિકારીઓ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, પાણી પુરવઠા કાર્યપાલક ઈજનેર, વાસ્મોના યુનિટ મેનેજર મીતાબેન મેવાડા સહિતના સમિતીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.